માધવસિંહ સોલંકીનુ દુ:ખદ અવસાન

કોંગી કાર્યકરોમાં શોકનું મોજુ પ્રસરી ગયુ : પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા, વિપક્ષી નેતા ધાનાણી, મુખ્યમંત્રી રૂપાણી, શિક્ષણમંત્રી ચુડાસમા, પ્રદેશ ભાજપ પ્રમુખ પાટીલ સહિતના નેતાઓએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા : આજે ૧ વાગે અંતિમયાત્રા બપોરે ૨ થી ૫ પાર્થિવ શરીરને લોક દર્શનાર્થે પ્રદેશ કાર્યાલય રખાશે

ગાંધીનગર, તા. ૯

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનું આજે વહેલી સવારે દુ:ખદ અવસાન થતાં કોંગ્રેસી કાર્યકરોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

રાજ્યનું ચાર વખત મુખ્યમંત્રી પદ સંભાળનાર માધવસિંહ સોલંકી એ કુશળ રાજનીતિજ્ઞ હોવા ઉપરાંત કલા, સાહિત્ય અને પ્રકૃતિ પ્રેમી તરીકેની આગવી ઓળખ ધરાવતા હતા. પત્રકારિત્વમાં રાજકારણમાં પ્રવેશેલા સ્વ. સોલંકીએ ગાંધીનગરના વિકાસ માટે પેરીફેરી એક્ટ અમલી બનાવ્યો હતો. શહેરના વિકાસમાં પણ તેમનુ યોગદાન મોટુ હતુ. એન્જીનીયરીંગ અને ઈલેક્ટ્રોનીક્સ એસ્ટેટ પણ તેમના શાસનમાં બની હતી.

સ્વ. સોલંકી મહેસુલ કાયદાના પ્રખર અભ્યાસુ હોવા ઉપરાંત રાજ્ય વિધાનસભામાં સૌથી વધુ બેઠકો જીતવાનો વિક્રમ પણ તેમના નામે છે. સૌથી ઓછી બેઠકો પણ કોંગ્રેસને તેમના નેતૃત્વમાં જ મળી હતી. સ્વ. સોલંકીએ કેન્દ્ર સરકારમાં આયોજન ઉપરાંત વિદેશ મંત્રાલયના મંત્રી તરીકેની જવાબદારી પણ નિભાવી હતી. નર્મદા યોજનાના અટકેલા કાર્યને આગળ ધપાવવામાં પણ તેમણે સારૂ યોગદાન આપ્યુ હતુ.

સ્વ. સોલંકીએ સારા વાચક પણ હતા. તેમણે તેમના ઘરે પોતાની આગવી લાયબ્રેરી વિકસાવી હતી. ચાર્લી ચેપ્લીન, રાજકપુર સહિતના કલાકારોની ફિલ્મો પણ તેમને ગમતી હતી.

સ્વ. સોલંકી સાથે પડછાયાની માફક રહેતા માણસાના પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોરે જણાવ્યુ હતુ કે તેમણે રાત્રે બે વાગે ઉઠી જઈ તેમની સાથે ધાર્મિક, રાજકીય વાતો પણ કરી હતી. સવારે તેઓ ન ઉઠતાં તબીબોને બોલાવ્યા હતા પરંતુ તે વેળાએ તેઓ અનંતની યાત્રાએ ઉપડી ગયા હતા.

સ્વ. સોલંકીના દુ:ખદ અવસાનના સમાચાર સાંભળતા જ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીતભાઈ ચાવડા સહિત અનેક કોંગી આગેવાનો તેમના નિવાસસ્થાને દોડી આવ્યા હતા.

આજે બપોરે રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી, પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ, શિક્ષણમંત્રી ચુડાસમા, પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા, ધારાસભ્યો તેમજ સમર્થકોએ તેમના પાર્થિવ શરીર પર શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

રાજ્ય સરકારે પણ તાકીદની કેબિનેટ બેઠક યોજી અને એક દિવસનો શોક પાળવાની જાહેરાત કરી હતી તેમજ સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમવિધિ કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

આવતીકાલે ૧ વાગે ગાંધીનગરથી તેમની અંતિમ યાત્રાનો પ્રારંભ થશે અને બપોરે બે થી પાંચ તેમના પાર્થિવ શરીરને લોકોના અંતિમ દર્શન માટે પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે રાખવામાં આવશે. આ પછી વી.એસ. નજીકના સ્મશાનગૃહમાં તેમની અંતિમવિધિ કરવામાં આવશે.

પ્રથમ તબક્કામાં રાજ્યમાં ૨૮૭ સ્થાનો કોરોનાનું વેક્સીનેશન થશે

જિલ્લામાં ૧૨ સ્થાનોએ કોરોનાની રસી અપાશે

ગાંધીનગર, તા. ૯

આગામી ૧૬મી જાન્યુઆરીથી દેશભરમાં શરૂ થનાર કોવિડ-વેક્સીનેશન માટે રાજ્યમાં ૨૮૭ સાઈટ નિયત કરવામાં આવી છે જે પૈકી ગાંધીનગર જિલ્લામાં ૧૨ જેટલી સાઈટ નિયત કરવામાં આવી છે.

કોવિડ-વેક્સીનેશનના પ્રથમ રાઉન્ડમાં ફ્રન્ટ લાઈન હેલ્થ વર્કરોને આ રસી આપવામાં આવશે. આ પછી કોરોના વોરિયર્સને રસી આપવામાં આવશે. ત્રીજા રાઉન્ડમાં ૫૦ થી ઉપરના લોકો અને ૫૦ થી નીચેના કો. મોર્બિડ લોકોને રસી આપવામાં આવશે.

રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે રાજ્યમાં કોવિડ રસીકરણને લઈ તમામ તૈયારીઓ પૂરી કરી લેવામાં આવી છે. રાજ્યભરમાં આ રસીકરણ માટેનો જથ્થો એકાદ દિવસમાં જ આવી જ પહોંચશે.

દરમ્યાન રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિએ આજે પણ વિડીયો કોન્ફરન્સીંગ દ્વારા જિલ્લાઓમાં કોવિડ વેક્સીનેશનના સેન્ટરોની તૈયારીઓ અને અન્ય વિગતો અંગેની સમીક્ષા કરી હતી.

જિલ્લામાં ૧૨ સાઈટ કોરોના વેક્સીનેશન માટે નિયત કરવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

રસીકરણ માટે ગાંધીનગરમાં બે વાર ડ્રાય રન ટેસ્ટ યોજવામાં આવ્યા હતા જે પણ નોંધનીય છે. તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ વેક્સીનેશન માટેની સાઈટોને કાલ સાંજ સુધીમાં અથવા સોમવારે સવારે આખરીરૂપ આપી દેવામાં આવશે.

કિસાન સંઘના જીવણદાદા અક્ષર નિવાસી થયા : ગાંધીનગરમાં અંત્યેષ્ઠી કરાઈ

મુખ્યમંત્રી રૂપાણી, નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલ, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, ભીખુભાઈ દલસાણિયા સહિત સૌ આગેવાનોએ બલરામભવન ખાતે પાર્થિવ શરીરને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા

ગાંધીનગર, તા. ૯

ભારતીય કિસાન સંઘના સ્થાપકો પૈકીના એક ગણાતા જીવણદાદા આજે સવોર અક્ષર નિવાસી થતાં કિસાન સમુદાયમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

૧૯૮૫ થી ૧૯૯૦માં ગુજરાતમાં થયેલી કિસાન ચળવળના તેઓ પ્રણેતા હતા અને ગુજરાતભરમાં જીવણદાદાના હુલામણા નામથી પ્રચલિત હતા. અખિલ ભારતીય કિસાન સંઘના સંગઠ્ન મહામંત્રી તરીકેની તેઓ સેવાઓ આપતા હતા.

તેઓ કોરોનાથી સંક્રમિત થયા હતા અને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. કોરોનાને મ્હાત કર્યા પછી તેમને અન્ય ઈન્ફેક્શનોની અસર થતાં શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. તેઓને પુનઃ સારવાર માટે યુ.એન. મહેતામાં દાખલ કરાયા હતા. આજે સવારે તેમને અંતિમ શ્વાસ લીધા હતા.

સ્વ. જીવણદાદાના પાર્થિવ શરીરને આજે બપોરે ૧ વાગે બલરામ ભવન ખાતે અંતિમ દર્શન માટે લાવવામાં આવ્યો હતો.

સ્વ. જીવણદાદાના પાર્થિવ શરીરને આજે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ, પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા, કિસાન મોરચાના હિતેન્દ્ર પટેલ, કિસાન સંઘના પૂર્વ મહામંત્રી રમેશભાઈ ચૌધરી સહિત અનેકવિધ નેતાઓ અને કિસાન સંઘના કાર્યકરોએ

● અનુસંધાન પાન-૭ પર

ભાજપના કાઉન્સીલર ધીરૂભાઈ ડોડિયા કોરોનાથી સંક્રમિત

ગાંધીનગર, તા. ૯

સે. ૨૪ના કાઉન્સીલર અને ભાજપના અગ્રણી ધીરૂભાઈ ડોડિયા અને તેમના પત્ની કોરોનાથી સંક્રમિત થયા છે.

ધીરૂભાઈ ડોડિયાને સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તેમના પત્ની હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં કાઉન્સીલરો દેવેન્દ્રસિંહ ચાવડા, અંકિત બારોટ, કાર્તિક પટેલ, નીતિન પટેલ, કોંગી કાઉન્સીલર ઉર્મિલાબેન વર્મા સંક્રમિત થઈ ચુક્યા છે. આ બધા જ કાઉન્સીલરો રિકવર થઈ કોરોનામુક્ત થયા છે.

બર્ડ ફ્લ્યુના પગલે ઈન્દ્રોડા પાર્કનુ પક્ષીગૃહ મુલાકાતીઓ માટે બંધ

ગાંધીનગર, તા. ૯

હાલમાં જ બર્ડફ્લુ પક્ષીઓમાં જોવા મળ્યો છે ત્યારે શહેરના ગીર ફાઉન્ડેશન સંચાલિત ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન દ્વારા પણ પક્ષીઓને ફ્લુથી બચાવવા માટે પગલા લેવામાં આવી રહ્યા છે. જે સંદર્ભે અહીના પક્ષીઓ સતત ઓબ્ઝર્વેશન હેઠળ છે. પાંજરાને સમયે સમયે ડિસઈન્ફેકટેડ કરવામાં આવી રહ્યું છે ઉપરાંત હાલ પુરતુ પક્ષી ઘરને મુલાકાતીઓ માટે બંધ કરી દેવાયુ છે.

શહેરમાં ગીર ફાઉન્ડએશન સંચાલિત ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં તૃણાહારી અને હિંસક પ્રાણીઓ ઉપરાંત મોટી સંખ્યામાં પક્ષીઓ વસવાટ કરે છે. આ પક્ષીઓમાં બર્ડફ્લુની શક્યતા રહેલી છે ત્યારે ઈન્દ્રોડા પાર્કના પક્ષીઓમાં બર્ડફ્લુનો ચેપી રોગ પગ પેસારો ન કરે તે સંદર્ભે ખાસ પગલા ભરવામાં આવ્યા છે. આ અંગેની વિશેષ માહિતી મુજબ ઈન્દ્રોડા પાર્કમાં સફેદ મોર, સમડી, લવબર્ડ, બજરીગર સહિતના જળચર પક્ષીઓ ઉપરાંત ઘુવડ પણ છે. આ તમામ પ્રકારના પક્ષીઓ હાલ સતત ઓબ્ઝર્વેશન હેઠળ છે. ઉપરાંત પક્ષીઓના પાંજરાને પણ સતત જરૂરી દવાનો છંટકાવ કરીને ડિસઈન્ફેકટેડ કરવામાં આવી રહ્યા છે. હાલના સમયને ધ્યાનમાં રાખીને પક્ષીગૃહને મુલાકાતીઓ માટે બંધ કરી દેવાયુ છે તથા અહી કામ કરતા કર્મચારીઓને પક્ષીઓની વર્તણુંક ઉપર સતત નજર રાખવાનુ કહેવાયુ છે. આ ઉપરાંત કોઈપણ પક્ષી માંદુ જણાય અથવા તો તેનામાં કોઈપણ બિમારીના લક્ષણ દેખાવય તો તાત્કાલિક પાર્કના અધિકારી અને ડોક્ટરનું ધ્યાન દોરવા માટે કેજ કીપરને સૂચના આપવામાં આવી છે. જેને આધારે શંકાસ્પદ લક્ષણ ધરાવતા પક્ષીને અન્ય પક્ષીઓથી દૂર કરી તેનુ નિદાન કરી ઝડપથી સારવાર આપી શકાય. તમામ કર્મચારીઓ જે પક્ષીઓના પાંજરામાં કામ કરી રહ્યા છે તેમને પણ કોરોના અને બર્ડફ્લુની ગાઈડલાઈન પ્રમાણે સતત ગરમ પાણીથી હાથ ધોવા તથા માસ્ક પહેરી રાખવુ ફરજીયાત બતાવીને કામ કરવાની સલાહ આપવામાં આવી છે.

ઘવાયેલા પક્ષીઓને નવી ઉડાન આપવા ૩૦ યુવાનોની ટીમ કામે લાગશે

ઉત્તરાયણના પર્વ દરમિયાન ૧૪-૧૫ જાન્યુઆરીના રોજ સેક્ટરોમાં યુવાનોની ટીમ ઘાયલ પક્ષીઓને સારવાર માટે લઈ જવાનુ કામ કરશે

ગાંધીનગર, તા. ૯

આકાશને રંગીન બનાવતા ઉત્તરાયણના પર્વ દરમ્યાન અનેક અબોલ પક્ષીઓ ઘાયલ થતા હોય છે. જ્યારે ઘાયલ થતા પક્ષીઓને નવી ઉડાન આપવા માટે વન વિભાગ તેમજ નગરની પર્વાવરણપ્રેમી સંસ્થાઓ દ્વારા બચાવ કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૧૪-૧૫ ના દિવસે ઘવાયેલા પક્ષીઓને સારવાર કેન્દ્ર સુધી લઈ જવા નગરના સેક્ટરોમાં ૩૦ થી વધુ સેવકો કામે લાગશે. ઘાયલ થયેલા પક્ષીઓને યોગ્ય સારવાર આપી આકાશમાં નવી ઉડાન આપવા વનશ્રી ટ્રસ્ટ અને વન વિભાગ સાથે મળીને કામ કરશે.

આકાશને રંગીન બનાવતા ઉત્તરાયણના પર્વ દરમિયાન અબોલ પક્ષીઓ કાતીલ દોરીના લીધે પોતાનો જીવ ગુમાવે છે. માસુમ પક્ષીઓને નવી ઉડાન આપવા માટે અનેકવિધ સેવા સંસ્થાઓ અને વન વિભાગ પણ સારવાર કેન્દ્ર શરૂ કરે છે. આ વર્ષે પણ ઉત્તરાયણના પર્વ દરમિયાન તા. ૧૪-૧૫ જાન્યુઆરી દરમિયાન ઘાયલ પક્ષીઓની સારવાર માટે વિશેષ આયોજન કરવામાં આવ્યુ છે. ઉત્તરાયણ દરમિયાન સામાન્ય રીતે સાંજના સમયે આકાશમાં ઉડતા પક્ષીઓની સંખ્યા વિશેષ હોય છે. જેને અનુલક્ષીને સાંજે પતંગ ના ચગાવવા માટે પણ વનતંત્ર દ્વારા વારંવાર અપીલ કરવામાં આવે છે. ગાંધીનગરમાં પર્યાવરણ પ્રેમીઓની સાથે પક્ષી પ્રેમીઓની સંખ્યા પણ વિશેષ છે. ઉત્તરાયણમાં કપાયેલ દોરીથી ઘાયલ થતા પક્ષીઓને નવજીવન આપવા યુવાનોની ટીમ પણ કામે લાગે છે. દર વર્ષે વન વિભાગના સહયોગથી ઘાયલ પક્ષીઓને સારવાર આપવા માટેનું કેન્દ્ર કાર્યરત કરવામાં આવે છે. આ વર્ષે પણ વનશ્રી ટ્રસ્ટ અને વન વિભાગ દ્વારા ઉત્તરાયણ દરમિયાન દોરીથી ઈજા પામતા પક્ષીઓ માટે સારવાર કેન્દ્ર

શરૂ કરાશે. આ અભિયાનમાં વનશ્રી ટ્રસ્ટના ૩૦ જેટલા સ્વયંસેવકો પણ ઘવાયેલા પક્ષીઓને સારવાર માટે લઈ જશે. બન્ને દિવસ સ્વયંસેવકોની ટીમ પક્ષીઓની સારવાર માટે ખડેપગે રહેશે. ગત વર્ષ દરમિયાન પણ ઘવાયેલા પક્ષીઓને મોતના મુખમાંથી ઉગારી નવી ઉડાન આપવાનુ ઉમદા કાર્ય વન વિભાગના સહયોગથી સંસ્થાએ કર્યુ હતુ. આ વર્ષે પણ ઘવાયેલા પક્ષીઓને સમયસર સારવાર પુરી પાડવા ટીમ કામે લાગશે. આ માટે સ્વયસેવકોની ટીમ સેક્ટરે સેક્ટરે કાર્યરત રહેશે. ગાંધીનગર વન વિભાગની ડિવિઝનલ કચેરી ખાતે પક્ષી માટે કેન્દ્ર કાર્યરત કરવામાં આવ્યુ છે. ઉત્તરાયણના પર્વ દરમિયાન ઘવાયેલા પક્ષીઓની માહિતી આપવા માટે મોબાઈલ નંબર ૯૪૮૪૮૭૬૪૫૧ અને ૯૯૯૮૮૧૦૭૧૯૫૨ સંપર્ક કરવા પણ જણાવાયુ છે.

જિલ્લાના ગ્રામ્યમાં નવા ૮ કેસ તો શહેરમાં વધુ ૬ કેસ નોંધાયા

ગાંધીનગર ગ્રામ્યમાં ૫, દહેગામમાં ૨ અને માણસામાં ૧ કેસ નોંધાયો : સે. ૨૪ અને સે. ૨ માં ૨-૨ કેસ તો સે. ૪ અને ૩ માં એક એક કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના ઘટાડાનો ટ્રેન્ડ યથાવત્ રહેવા પામ્યો છે. આજે જિલ્લામાં માત્ર ૧૪ કેસ કોરોનાના નોંધાયા છે. જેમાં ૮ કેસ ગ્રામ્ય વિસ્તારમાં તો ૬ કેસ ગાંધીનગર શહેરમાં નોંધાયા છે.

જિલ્લામાં આજે ૧૬૭ જેટલા એક્ટીવ કેસ સારવાર હેઠળ છે. જેમાં ૭૨ દર્દીઓ ગ્રામ્ય વિસ્તારમાં અને ૯૫ દર્દીઓ શહેરમાં છે. એક્ટીવ કેસમાંથી ૧૪૦ જેટલા કેસ હોમ આઈસોલેશન હેઠળ સારવાર હેઠળ છે.

જિલ્લામાં કોરોનાનો કહેર ઘટતાં તંત્ર અને પ્રજાએ પણ રાહતની લાગણી અનુભવી છે. જિલ્લામાં કોરોનાનુ ટેસ્ટીંગ યથાવત ચાલુ રાખવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૮ કેસમાં ૫ કેસ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં, ૨ કેસ દહેગામમાં અને એક કેસ માણસા તાલુકામાં નોંધાયો છે.

જિલ્લામાં આજે કોરોનામાંથી રિકવર થયેલા ૨૧ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જેમાં ૧૨ દર્દી ગાંધીનગર શહેરના છે જ્યારે નવ દર્દી ગ્રામ્ય વિસ્તારના રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયેલ છે.

ગાંધીનગર તાલુકાના મોટા-ચિલોડા, કુડાસણ, પેથાપુર, ઉનાવા, સરગાસણમાંથી કેસો મળી આવેલ છે.

દહેગામાં અર્બન વિસ્તારમાંથી બે કેસ મળી આવેલ છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા તાલુકાના ઈટાદરા ગામેથી ૩૫ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ નવ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજ સુધીમાં ૩૮૧૩ લોકો કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૭૨ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬૪૦૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના માત્ર ૬ કેસ નોંધાયા છે. શહેરમાં કેસોની સંખ્યા ઘટતાં તંત્રમાં રાહતની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે.

શહેરમાં આજે ૨ કેસ સે. ૨૪ માંથી તો ૨ કેસ સે. ૨ માંથી મળવા ઉપરાંત સે. ૪ અને સે. ૩ માંથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

સંવેદનશીલ સેક્ટરોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

ઉત્તરાયણમાં ઘાયલ પક્ષીને નહીં અડવાની ચેતવણી આપી

બર્ડ ફ્લૂને લઈ કોઇ ઘાયલ પક્ષી જણાય તો સેવાભાવી સંસ્થા કે સરકારી સંસ્થાનો સંપર્ક કરવા પણ જણાવાયું : ગુજરાત સરકારની સ્પષ્ટ ચેતવણી

ગાંધીનગર,તા.૯

અમદાવાદ બર્ડ ફ્લુની એન્ટ્રી ગુજરાતમાં થઇ ચુકી છે. આ અંગેના કેટલાક સેમ્પલ લઇને ભોપાલ ખાતેની લેબમાં મોકલી આપવામાં આવ્યા છે. જો કે લાંબા સમયક્ષી પક્ષીઓનાં મોતના અનેક કિસ્સાઓ સામે આવતા પોલીસ તંત્ર પહેલાથી જ આ અંગે સાશંક હતું જ. જેના પગલે હાઇએલર્ટ પણ જાહેર કરી દેવામાં આવ્યું હતું. અનેક પ્રાણીસંગ્રહાલયો અને ઝુ પણ હાઇએલર્ટ પર હતા. જો કે તેવામાં રાજ્ય સરકાર સામે એક વિચિત્ર પ્રશ્ન આવી પડ્યો છે. જેના કારણે વન વિભાગ દ્વારા એડ્વાઇઝરી જાહેર કરવામાં આવી છે. વન વિભાગ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉતરાયણને ધ્યાને રાખીને અનેક સારવાર કેન્દ્રો ચાલુ કરવામાં આવ્યા છે. મોટા ભાગનાં તમામ શહેરોમાં આરોગ્ય અને સારવાર કેન્દ્રો શરૂ કરી દેવામાં આવ્યા છે. પરંતુ આ વખતે વન વિભાગ દ્વારા લોકલ લોકોને બીજી પણ ખાસ અપીલ કરવામાં આવી છે કે, જો કોઇ પણ પક્ષી કે કબુતર ઘાયલ અવસ્થામાં મળી આવે તો તેનો સ્પર્શ કરવામાં ન આવે. સ્થાનિક સારવાર કેન્દ્રનો સંપર્ક કરવો. કબુતરના સીધા જ સંપર્કમાં આવવાથી નાગરિકોએ બચવું જોઇએ. અત્રે ઉલ્લેખનીય છે કે, બર્ડફ્લૂના ઓથાર હેઠળ વન વિભાગે જણાવ્યું કે, કોઇ પણ પક્ષી મૃત કે ઘાયલ અવસ્થામાં મળી આવે તો તેને પકડવાનો પ્રયાસ કરવો નહી. વન વિભાગ અથવા પશુ ચિકિત્સકને આ અંગે જાણ કરવી. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉતરાયણના પર્વમાં કબુતર, સમડી, કાગડા, ઘુવડ જેવા પક્ષીઓ પતંગની દોરીઓની ઝપટે ચડતા હોય છે. તેવામાં લોકો દ્વારા તેને પકડીને સારવાર માટે ખસેડવામાં આવે છે. તેવામાં ઘાયલ પક્ષી અને તેનું લોહી વ્યક્તિના સીધા સંપર્કમાં આવવાથી બર્ડફ્લુની શક્યતાને જોતા વન વિભાગે આ ચેતવણી બહાર પાડી છે.



દુ:ખદ અવસાન

શ્રી નવનીતલાલ નટવરલાલ ભટ્ટ (પૂ.ટ્રેઝરી ઓફિસર) (એન.એન.રાયગઢ) નું ૮૩ વર્ષની વયે તા.૮/૧/૨૦૨૧ ના રોજ બપોરે ૨ વાગે દુ:ખદ અવસાન થયેલ છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને સદ્ગતનું ટેલિફોનિક બેસણું સોમવાર તા.૧૧/૦૧/૨૦૨૧ને સોમવાર રોજ સવારે રાખેલ છે. બાકીની લૌકિક ક્રિયાઓ બંધ રાખવામાં આવેલ છે. (મો.૮૧૬૦૫૧૧૫૭૫, ૮૭૫૮૫૬૮૮૨૫)

મનુપ્રસાદ નટવરલાલ ભટ્ટ (ભાઈ)
શૈલેષભાઈ એચ. ભટ્ટ (ભત્રીજો)
ગં.સ્વ.કુસુમબેન એન. ભટ્ટ (પત્ની)
વૈદ્ય રાકેશ એન. ભટ્ટ (પુત્ર)
વૈદ્ય સંગીતાબેન ભટ્ટ (પુત્રવધુ)
સ્વ.સોનુ (કેતન)એન ભટ્ટ (પુત્ર)
ગં.સ્વ.નીતાબેન ભટ્ટ (પુત્રવધુ)
નિકુંજ એ. ભટ્ટ (ભત્રીજો)
જગદીશકુમાર પંડ્યા (જમાઈ)
ડો.જૈવિન પંડ્યા (ભાણો)
ખુશી આર. ભટ્ટ, તીર્થ.આર.ભટ્ટ
આર્યન કે. ભટ્ટ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com